

કેમિનોવા ગ્રુપનું મેનેજમેન્ટ એ વાત સુનિશ્ચિત કરવા માંગે છે કે અમે જે રીતે કંપની ચલાવીએ છીએ એ આંતરરાષ્ટ્રીય પ્રણાલીઓને અનુરૂપ છે, સ્થાનિક કાયદાને અનુરૂપ છે અને સમગ્ર ગ્રુપમાં જે મેનેજમેન્ટ મૂલ્યોની અભિવૃદ્ધિ કરવા માંગીએ છીએ એને પણ અનુરૂપ છે. તેથી અમે વ્યાવસાયિક સિદ્ધાંતોની કેટલીય આચારસંહિતા તૈયાર કરી છે. આપણા ઓર્ગેનાઈઝેશનમાંથી દરેક વ્યકિત આ સિદ્ધાંતોથી પરિચિત હોય જેથી આપણે સાથે મળીને જે રીતે આપણી કંપનીનો વિકાસ કરવા ઈચ્છીએ છીએ તે કરી શકીએ અને તેથી આપણ બિઝનેસમાં અગ્રણી કંપનીઓમાંથી એક કંપની હંમેશા માટે બની શકીએ.

સર્વોત્તમ, આદરનીય શુભેચ્છા,
બીજોર્ન આલ્બિનસ
પ્રેસિડેન્ટ અને સીઈઓ

## વ્યાવસાયિક સિદ્ધાંતોની આચારસંહિતા

કેમિનોવા વ્યાવસાયિક સિદ્ધાંતોની આચારસંહિતા કંપનીના વર્ણવે છે જેનું પાલન કંપનીના બધા કર્મચારીઓએ કરવાનું રહે છે, એ ભલે પછી વિશ્વના કોઈપણ વિસ્તારમાં હોય. આ આચારસંહિતા આપણી વહીવટી અને કોપોરેટ જવાબ-દારીઓ પ્રત્યેના આપણા અભિગમને આધાર આપે છે.

**૧. સંચાલનના ધારાધોરણો**
કેમિનોવા એનું કાર્યસંચાલન વ્યાવસાયિક નિપુણતા સાથે અને પારદર્શકપણે કરે છે તેમજ માનવાધિકારના આદર સાથે અને કર્મચારીઓના હિતની જાળવણી સાથે કરે છે.

**૨. કાયદાનું પાલન**
જે દેશોમાં કાર્યસંચાલન હોય ત્યાંના કાયદા અને નિયમનું પાલન કેમિનોવાની કંપનીઓ અને કર્મચારીઓએ કરવું જરૂરી છે.

**૩. મેનેજમેન્ટ**
કેમિનોવા ગ્રુપની બધી કંપનીઓ ના વહીવટ સ્વતંત્રપણે પ્રબંધ કરવામાં આવે છે. પ્રત્યેક કંપની, ગ્રુપની વ્યાવસાયિક સિદ્ધાંતોની આચારસંહિતાને અનુરૂપ પ્રબંધ કરાય છે એની ખાતરી કરવાની જવાબદારી કેમિનોવાના બોર્ડ ઓફ એકિઝકયુટિવ્ઝની છે.

**૪. કર્મચારીઓ**
કેમિનોવા પરસ્પર વિશ્વાસ અને આદર પર આધારીત કાર્ય કરવા માટેનાં વાતાવરણ માટે વચનબદ્ધ છે. જેમાં પ્રત્યેક વ્યકિત કંપની ની કામગીરી અને પ્રતિષ્ઠા માટે જવાબદારી લેવા માંગે છે. કેમિનોવા માત્ર જે કામગીરી કરવાની હોય એ માટેની શૈક્ષણિક યોગ્યતા અને કૌશલ્યના આધારે જ કર્મચારીઓને નિયુકત કરે છે, કામગીરી સોંપે છે અને અભિવૃદ્ધિ કરે છે. બધા કર્મચારીઓને સુરક્ષિત અને સ્વસ્થ કાર્યસ્થિતિ આપવા માટે કંપની વચનબદ્ધ છે. કંપની અસ્વૈચ્છિક મજૂર, વેઠમજૂર અથવા બાળમજૂરનો ઉપયોગ નથી કરતી. કંપની વ્યકિતગત અને કર્મચારીઓના સંગઠન સ્વાતંત્ર્યના હકનો આદર કરે છે. કંપની સારા કોમ્યુનિકેશન અને સારા કાર્ય સંબંધો સુનિશ્ચિત કરવા અથાગ પ્રયત્નો કરે છે.

**૫. ગ્રાહકો, વિતરણ અને ઉપભોકતા**
જંતુનાશકના વિતરણ અને ઉપયોગના સંબંધમાં જવાબદારીપૂર્ણ સંભાળની આચારસંહિતા અને સિદ્ધાંતોના એફએઓ, તેના અનુપાલન માટે કેમિનોવા સતત પ્રયત્નો કરે છે. આ ઉપરાંત, વધુમાં એ સુનિશ્ચિત કરે છે કે પ્રત્યેક કેમિનોવા કંપની સ્થાનિક / પ્રાદેશિક ઈન્ડસ્ટ્રિયલ ઓર્ગેનાઈઝેશન, જે અન્ય બાબતોની સાથે ઉત્પાદનના કારોબારમાં પ્રોડકટ સ્ટયુઅર્ડશીપ માં સંલગ્ન હોય અને વધુમાં જોખમને મર્યાદિત કરતી પ્રવૃતિઓમાં અન્ય શેરધારકો સાથે સહભાગી હોય.

**૬. શેરધારોકો**
આતંરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત સારા કોર્પોરેટ વહિવટને અનુરૂપ કેમિનોવા સંચાલન કરે છે. કંપની પ્રવૃત્તિઓ, ઓર્ગેનાઈઝેશનનું સ્ટ્રકચર (માળખું), નાણાંકીય સ્થિતિ અને કામગીરી પરની ભરોસાપૂર્ણ જાણકારી, શેરધારકોને સમયસર અને નિયમિત આપશે.

**૭. સપ્લાયર્સ**
કેમિનોવા સપ્લાયરો સાથે આપસી ફાયદાકારક સંબંધો સુનિશ્ચિત કરશે અને અલગ કોડમાં સપ્લાયરોની અપેક્ષાને નિશ્ચિત સ્વરૂપ આપશે.

**૮. અન્ય વ્યાવસાયિક સંબંધો અને ભાગીદારો (સંયુકત સાહસો)**
કેમિનોવા માટે એ અગત્યનું છે કે એની સાથે વ્યાવસાયિક સંબંધો ધરાવનારા અને ભાગીદારો નૈતિક ધારાધોરણોનું પાલન કરે અને જયારે બન્ને કરાર કરે અને સહયોગ ચાલુ હોય ત્યારે આવા પાલનની ખાત્રી કરવા કંપની અથાગ પ્રયત્ન કરશે.

**૯. પર્યાવરણ**
પર્યાવરણીય અસરો, રસાયણનાં ઉત્પાદન અને વેચાણનાં સંબંધમાં અગત્યનું છે. આ ક્ષેત્રમાં જવાબદારીપૂર્ણ વર્તન કેમિનોવા માટે ઉચ્ચ મહત્વનાં છે, અને આ માટે આ ક્ષેત્રમાં સતત સુધારા માટે કંપની અથાગ પ્રયત્ન કરે છે.

**૧૦. સ્પર્ધા**
કેમિનોવા મુક્ત સ્પર્ધામાં માને છે અને સ્પર્ધા માટેના ઓઈસીડીના માર્ગદર્શી સિદ્ધાંતોને સંપૂર્ણપણે સ્વીકારે છે.

**૧૧. વ્યાવસાયિક પ્રમાણિકતા**
વ્યાવસાયિક અથવા નાણાકીય વૃદ્ધિ પ્રાપ્ત કરવા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રૂપે લાંચ અથવા અન્ય અયોગ્ય ફાયદા લેતી નથી અથવા આપતી નથી. લાંચ માટેની કોઈ પણ માંગણી અથવા પ્રસ્તાવ તરત જ રદ કરાય છે અને મેનેજમેન્ટને એની જાણ કરાય છે. સ્થાનિક રૂપથી સ્વીકાર્ય નજીવી મર્યાદાઓ કરતાં વધારે મૂલ્યની ભેટ કર્મચારીઓએ પ્રસ્તાવિત ન જ કરવી, ન જ આપવી અથવા ન જ લેવી.

**૧૨. હિત પ્રતિકૂળતા**
કેમિનોવા બધા કર્મચારીઓ પાસેથી આ અપેક્ષા રાખે છે કે, કંપની પ્રત્યે તેઓની જવાબદારીઓમાં પ્રતિકૂળતા ઊભી કરે એવી વ્યક્તિગત પ્રવૃત્તિઓ અથવા નાણાકીય હિત નહિ કરે એ અપેક્ષિત છે. કેમિનોવાના કર્મચારીઓએ, તેઓની પદવીનો દુરુપયોગ કરીને પોતાના અથવા અન્ય માટે ફાયદો મેળવવાનો પ્રયત્ન ન જ કરવો.

આચારસંહિતાનો કોઈ પણ રીતે ભંગ થાય તો સીએસઆર સેક્રેટરિયેટને જણાવવું જ. જાણકારી અનામી રહીને આપી શકાય છે અને જાણકારી આપનારને કોઈ પણ નકારાત્મક પરિણામો ભોગવવાના નહિ રહે એ વાત ચોક્કસ છે. આચારસંહિતાનું પાલન થાય એ આપણા બધાના સામાન્ય હિતમાં છે. અહીં આપેલા સરનામે પત્ર લખીને સીએસઆર સેક્રેટરિયેટનો સંપર્ક કરી શકાય છે : ધ સીએસઆર સેક્રેટરિયેટ, કેમિનોવા એ/એસ, પી.ઓ. બોક્સ ૯, ડીકે-૭૬૨૦ લેમવિગ, અથવા ઈ-મેલ દ્વારા સંપર્ક cb@cheminova.dk.

આ હેતુ સંબંધિત વધુ જાણકારી અને પ્રથા સંબંધીત કડી સીએસઆર રિપોર્ટ ૨૦૦૬ માં મેળવી શકાય છે.

ઓગસ્ટ ૨૦૦૭

# વ્યાવસાયિક સિદ્ધાંતોની આચારસંહિતા



CHEMINOVA

## કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટીઝ ૨૦૦૭

Gujarati